શેખસાદીનું

બનાવેલું ફારસી

ગુલસ્તાન


ભાગ ચોથો

તરજુમો કરનાર

સોરાબજી કુવરજી તારાકર

મુંબઈ મધે [illegible] મેસમાં છાપીઉં છે

૧૮૭૭



શેખસાદીનુ

બનાવેલુ ફારસી

ગુલસ્તાન

ભાગ ચોથાનો

તરજુમો કરનાર

સોરાબજી કુવરજી તાશકર

મુંબઇ મધે રીપોર્ટર્સ પ્રેસમાં છાપીઉ છે

૧૮૭૭

ગુલેસ્તાંન કેતાબનો

બાબ ચોથો

ખામોસીયાને ચુપકીદું

રેહેવાના ફાએદાઓ

હેકાએત ૧ લી.

મેં એક મારા દોસતને કહયું કે "ચુપ રેહેવું" મેં એ વાસતે કબુલ કીધુંછે કે બોલીઆમા ઘણીવાર સારૂં અને માથું બોલાઇ જાએછે, અને દુશમનોની આંખ માથાં વિનાએ બીજું કાંઇ જોતી નથી. ત્યારે તે બોલી ઓકે અરે ભાઇ દુશમન તેજ ભલો કે સારૂં નહીં જોએ.

(બેત) હોનર અદાવત- ...મમાં ...

એવું કે એની પેગમબરીનું કાંમ દીશેછે જુદું જેવું સુરેઅના કીરણની જોતથી ગુમ શઈને થાએ, પણ અદેખાની આંખમાં તે જુદો શરીખો દેખાએ.

હેકાએત ૨ જી

એક સોદાગરને કંઇક વેપારમા એક હજાર દીનારનો ટોટો આવીઓ, ત્યારે તેને પોતાના દીકરાને કહયું કે એ વાતને તારે કોઇ આગલ બોલવી નહીં જોઇએ. ત્યારે દીકરાએ અરજ કરી કે તારા હોકમને હું તાબે છેઉ તુ મને જાન કર કે એ વાતને છુપી રાખીઆમાં શું ગુણ છે, ત્યારે બાપે કહ્યું છુપી રાખીઆથી એક ની જગોએ બે વાત નહીં થાએ. (બેત) એક તો થઈ આપણને નાનાની તંગી, બીજું તો પરોસી ખુશી થાએ તે વાત જાની. (બેત) દુઃખ પોતાનું દુશમનો ને તારે કહેવું નહીં કદી; મોંહપર દેખાદે દલગીરી પણ મનમોતો ખુશી બધી.

હેકાએત ૩ જી.

અને ચતુર અને માહા

પણ કઈ બોલતો હતો નહીં. એક દીવશે તેના બાપે કહ્યું, અરે દીકરા તું પણ જે જે વાતો જાણતો હોએ તે બોલતો કેમ નહીં; ત્યારે તેણે કહ્યું કે હું દર કરૂં છું કોણ જાને બોલું ત્યારે કોઇ વાત મને એવી પુછેકે તેનો જવાબ મારાથી અપાઇ નહી શકાએ, ત્યારે હું શરમીનદો થાઉં શું તેં એવી વાત નથી સાંભલી કે એક વેરાગી પોતાના પગની પાવડીને લોઢાની ખુંટો ઘોટી એક જડતો હતો, તે એક સ્વારે તેને જોઇને તેનો હાથ ધરીઓ અને કહ્યું કે મારા ઘોડાને તું જલદીથી નાળ જડ. (બેત) તું જો ના કરે કદી કોઇ મરદ ને સવાલ તો તુંને પણ કોઇ નહીં કહેશે કે આનો પણ તું ઉત્તર વાલ.

હેકાએત ૪ થી.

એક માહા વીદવાન અને મોટા કાબેલને એક કાફર શાથે ઉજદ થઈ ત્યારે પેલો કાબેલ જવાબ શવાલમા પેલા કાફર સાથે પુરો પડી શક્યો નહીં; તેથી માથું નીચું નાખીને પાછો ફરીઓ; કોઇએ તેને પુછીઉં કે તારામા આટલો બધો એલમ અને અદબ છતે તથા વીદીઆને ડહાપણ... એક બેદીન ... ... તું પુરો પડી નહીં ...

છે, અને તે કાફર તો એના ઉપર એતેકાદ રાખતો નથી, અને એને સાંભલતોબી નથી, ત્યારે તેના ગુમરાહી ભરેલા શુખનો સાભલવાની મારે શું જરૂર. (બેત) કુરાનને હદીશ જે આગલ હોય કસુતર જવાબ તેનો એ છે કે નહીં આપે તેને તું ઉત્તર.

હેકાએત ૫ મી.

જાલીનુશ હકીમે એક બેવકુફને જોયો કે તે એક દાનાવ આદમીની ફેંત પકડીને તેની ઘણીએક બેહોરમતી કરતો હતો, તે જોઈ જાલીનુશે કહયું કે અગર, એ શખશ દાનાવ હતેતો નાદાનની સાથે કામ નહી પાડતે, અને આવી રીતે બેહોરમત નહીં થતે બે વીદવાન વચે કજીઓ ને લડાઇ નહી હોય. અને વીદીઆવાન કોઇ પણ મુર્ખ સાથે લડે નહીં. (બેત) ખરાબ કદાપી કોઈ મુર્ખ બોલીને કાબેલને બોલે, પણ કાબેલ તેને ધીરજ અને દીલાસો દેવામાં મોડું બોલે. (બેત) તુતા એક બાજને બે દાનાવ મલીને બચાવે. (બેત) અને પતાવત કરવાને વચમા કોઇને નહી બોલાવે, હોય લડનાર નાદાન જો આમન સામન બન્ને નિશ્ચે લોઢાની શાંકલ તોડાવે તેમો શાનો સંદેહ.

હેકાએત ૬ થી.

શેકબાંને વાએલ નામે જે એક માહતીદવાન કવેશર થઇ ગયોછે, કે તેની ચંચલાઇની વખાણ થઇ શકતી નથી. તેનામાં એવીતો વીદીઆ અને શાનપણ હતું કે તે એક ટોલકીમા એક વર્ષ તલગ વાત કરતો, અને તેમાં એક બોલને તે તોલકીમાં બીજીવાર બોલતો નહીં હતો, અને જો કદાપી તે બોલેલો બોલ ફરીથી બોલવાને અગત પડીતો વાતને ફેરવી નાખીને બીજી રીતે બોલતો હતો. એ પણ બાહાદશાઓના ખીદમતગારો ની મોટી અદબછે. હોય વચન કદાપી સારોને મધુર હોયતો તે સાચવન ભરેલો ને બહુ વખાણવા જોગ હોએછે. જયારે તું એકવાર કેહે ત્યારે પાછો ના કહેતો કે હલવો એકવાર ખાધા પછી બશ કરજે.

હેકાએત ૭ મો.

મે સાંભલ્યુંછે જે એક હકીમ એવું કહેતો હતો કે કોઇ શખશ પોતાની જાહેએલાને કબુલ નહી કરે; પણ તે શખશ જાહેલછે કે આગલાનું વચન અને વાત પુરી નહીં થાએ તેટલામાંથી તે બોલવા માંડે. (બેત) બોલ ને તં [illegible]

શખુન. (બેત) જે છે જ્ઞાનનો પતી ને વીદીઆનો કોત;
મુગો રહેલો નહી જુએ જ્યાંસુધી હલાવે ના હોઠ.

હેકાએત ૮ મી.

પાહાદશા સુલતાન મહમદના નોકરોમાંથી કેટલાએક જણાએ હશન મહમદીને પુછીઊકે પાહાદશાએ ફલાની બાબદમાં આજે તુંને શું કહયું? ત્યારે તેને કહયુંકે પાહાદસા તારી આગલ પણ છુપી નહીં રાખશે. ત્યારે પેલા લોકોએ કહયું કે તું પાહાદસાનો પરધાનછે જે કંઇ તારા આગલ કેહેશે તે કંઇ મારા આગલ નહીં કેહેવાનો. ત્યારે તેણે કહયું કે એવા ભરોસાથી કહયું કે કોઇ આગલ નહીં કેહેવશ. ત્યારે પછી શાવાશતે તમો મને પુછોછો. (બેત) સાંભલી વાત ન કેહે જેને હોએ જ્ઞાન સારૂં રાજા નો ભેદ તે ન બોલે જેને હોએ માથું પીઆરૂં.

હેકાએત ૯ મી.

એક હવેલી વેચાતી લેવાના કામમાં હું રોકાએલો હતો તેવામાં એક યાહુદીએ મને કહયુંકે હું આએ આલોલાનો પુરાતન પતેલ છેઉં. એ ઘેરની શર્વે ખુબી

કાંએકે એ ઘેરને કશી

એતલીજ માત્ર બોદછે, બીજી કંઈ નથી. (બેત) તું હોએ જે ઘરનો પરોસી તે ગર દશ દેરમ રૂપાંવતે માગું છે. પણ આશા એવી કે તું જ્યારે મરી જાએ ત્યારે દેરમ દશએ એવી સસતું છે.

હેકાએત ૧૦ મી.

એક સાએર ચોરોના અમીર પાસે ગીયો અને તેની વખાણમાં કેટલીએક બેતો કહી. ત્યારે પેલા અમીરે હોકમ કીધો તેથી ચોરોએ તેનો જામો કાઢી લેઇને ગામમાથી બાહેર કાઢી મુકીઓ, ત્યારે કુતરા તેની પછવાડે બહુ ભસવા લાગા, ત્યારે વાંકો વળીને કુતરાને મારવા સારૂ પથ્થર લેવા ગીયો ત્યારે જુવેછેતો જમીન ઉપર સઘલો ઠાર બંધાએલો. ત્યારે કંતાલીને બોલીઓ કે અહીઆંનાં લોકો શું હરામજાદા છે કે કુતરાંને છોદી દીધાચ ને પથ્થરને બાંધી લીધાચ. પેલો અમીર બારકીમાં બેઠો હતો. તે એ બોલો સાંભલીને હસીઓ; ને કહ્યું કે અરે હકીમ મારા પાસે કંઇ માગ, ત્યારે પેલાએ કહ્યું કે મારો પોતાનો જામો માગુછું અગર જો ઇનામ દાખલ આપેતો મેરબાની થાએ (બેત) ઉમેદવાર હોય આદમી શખી લોકોની બેર પર તું જ બેરની આશા નહીં દુઃખનો પોચાદ મુજપર. ચોરોના સરદારને તેના કહ્યા ઉપર માયા આવી તેથી તેનો જામો એક ઊનચી કીમતના બીજા જામા સાથે તેને હવાલે કીધો અને

હેકાએત ૧૧ મી.

એક જોતીસ પોતાના ઘેરમા આવીઓ ને એક બેગાના મરદ સાથે પોતાની બાઇડીને બેઠલી જોઇ, તેથી તેને ગાલો દીધી અને વાંકુ બોલીઓ તેથી એક મોટો જગડો અને ભારે ટંટો ઉભો થયો. કોઇ ગ્નનીઆની પુરૂષને એ વાત માલમ પડી ત્યારે તે બોલીઓ. (બેત) કોણ આવેછે ઘેરમા તને એટલી પણ, નથી ખબર ત્યારે તું કેમ જાણશે કે શું વીતેછે ઉંચા આકાશપર.

હેકાએત ૧૨ મી.

એક જણ ખોતબો ભણનારો બદ અવાજનો હતો. તે પોતાને ખુશ અવાજ લાગેછે એવું સમજીને મોટા પોકારથી ખોતબો ભણતો હતો અને ફોકત બગાડતો હતો. તું કહેશે કે કાગદાનો પોકાર તેના પોકારના પરદા માછે અથવા કુરાનની એક આએતમા કેહેલુંછે કે નરસામાં નરસો અવાજ ગધેડાનોછે અને જાને કે તે આ વાત તેનેજ વાશતેછે. (બેત) જયારે તે ખતીબ ગધેદાના પોકાર પર આવે—તે જમશેદી મેહેલ અશતખરમા ધ્રુજાવે તે ખતીબ આબરૂ અને આદર-

લોક તેનું દુઃખ બેચતા

તેની સંગાતે છુપી અદાવત અને જાહેરમાં દોસતી રાખતો હતો તે એક દીવશે તેને સુખ સાનતાર પુછ- વાને આવીઓ હતો. તેણે કહયું કે મેં એક સ્વપનો જોયોછે તે તુંને મુબારક હોજો. ત્યારે પુછીઉંકે શું સ્વપનો જોઓછે. ત્યારે કહયું કે તારો ખુશ અવાજ હતો અને લોકો તારા ખુશ અવાજથી ખુસી હતા. પેલા ખતીબે તે વાત સાંભલીને થોડાએક વાર વીચાર કરી ને બોલીઓ કે શું મુબારક સ્વપનોછે કે તેં તે જોયો કે મને મારી એબથી વાકેફ કીધો હવે મને જણાયું કે મારો અવાજ નઠારોછે અને લોકો મારા અવાજથી કંતાલેછે. ને આજથી મેં તોબા કરીકે હવેથી હું મોટા અવાજે નહીં ભણું. (બેત) દોસતોની સોબતથી દુઃખમાં રહુછું સદા મારા ભુંડા કરમ ભલા કહે રાખી મરજાદા. મારી એબને હોનર કેહે હીનાને સુખ તોલ. મારા કાંટાને કેહેછે ચમપેલી મોગરો ને ગોલ. કીયાછે તે વેરી શત્રુ મોટેને ચંનચલને નફ્ત કે મારી એબને દે- ખાડે જડપડ.

હેકાએત ૧૩ મી.

એક શખશ શંજારના કીલાની જામે મશજેદમાં બાંગી હતો. તે એવાતો નઠારા અવાજથી બાંગ દેતો કે સાંભલનારાઓનો જીવ ઘણોજ કચવાતો હતો. અને તે મજેદનો ધણી એક અમીર તે ઘણો [illegible] માણશ અને વાજબીનો

ગીઓછે તેમાથી દરેકને પાંચ પાંચ દીનાર આપવાનો ધારોછે. અને તું જો બીજી મજેદમા જાએતો હું દશ દીનાર તુંને આપું તે ઉપર પેલો બાંગી રાજી થઇને ગયો. ત્યાર પછી થોડાએક મુદતે પેલા અમીર આગલ પાછો આવ્યો અને અરજ કરીકે અરે સાહેબ, તેં મારા ઉપર જુલમ કીધો કે મને દશ દીનાર આપવા કરી તારા મુકામ પરથી કાઢી મેલીઓ, અને જે જગો ઉપર ગયોછું તે જગોના લોકો મને વીશ દીનાર સુધી આપી ને બીજી જગોએ કાહાડવા રાજીછે; પણ હું કબુલ કરતો નથી તે સાંભલી અમીર હશીઓ અને કેહેવા લાગો કે કદાચ તે લોકો પચાશ દીનાર સુધીબી રાજી થાય પણ તુ લેતોના. (બેત) એક વાંશલાથી કોઈ ન છોલે પથ્થરની શેલ જેમ તારી મોટી બાંગથી લોકનું છોલેછે દેલ.

હેકાએત ૧૪ મી.

એક જણ ખરાબ અવાજનો મોટે અવાજે કુરાન ભણતો હતો કોઇ ખોદાનો લાલ તે જગોએ આવી પોહોચીઓ તેણે પુછ્યું કે તારો દરમાઓ શું છે. ત્યારે પેલાએ કહયું કે કાંઇ નથી. ત્યારે તેને પુછ્યું તું પોતાની ઉપર શાને વાસ્તે દુ:ખ ખેચેછે પેલાએ કહયુંકે ખોદાને વાસતે ભણુંછું ત્યારે કહયું ખોડાને વાસતે ના ભણ.

એવે બદ અવાજે કુરાંન; તો
[illegible]તં માન.

જાહેર ખબર.

આએ ગુલેસ્તાન કેતાબનો ૪ થો ભાગ ફા
રશી બજારમાં જાહંગીરજી પેશતનજી કરાની
કાલબાદેવીપર દોરાબજી જમસેદજીની તથા આ
સાગુણની દુકાન ઉપરથી વેચાતી મળશે તે
નીચે લખેલી કેતાબો પણ ઉપલે ઠેકાણેથી મળી

ગુલેસ્તાન કેતાબનો ભાગ ૪ થો............
“ચાકાપીભાશી” નામની કેતાબ; જેમાં ફારશ
તથા ગુજરાતી બોલી સાથે વાક્ય સમાવેલા છે
હેકાએતે લતીફનાં ગુજરાતી ભાષા અંગ્રેજી

દેશાવરથી મંગાવનાર સાહેબો પાસેથી
લવાજમ ન લેતાં તુરત મોકલી આપવામાં

લી૦ ચીવક